પ્રાંતિજના કરોલની સીમમાંથી પોલીસે શ્રાવણિયો જુગાર રમતા આઠ શકુનિઓને ઝડપી પાડ્યા

આઠ વિરૂધ્ધ ગુનો નોંધી ૨,૫૨,૩૨૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

પ્રાંતિજ તા.૨૨ સાબરકાંઠા જિલ્લાના

પ્રાંતિજ ના કરોલ ગામની સીમ પાસેથી પ્રાંતિજ પોલીસે શ્રાવણિયો જુગાર રમતા આઠ શકુનિઓને કુલ-૨,૫૨૩૨૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા તો જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી .

પ્રાંતિજ પીઆઈ એચ. એસ. ત્રિવેદી ના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ પોલીસના જવાનો દિપકસિંહ, જીજ્ઞેશકુમાર, વસંતભાઈ, અતુલભાઈ, સરદારસિંહ સહિત નો પોલીસ સ્ટાફ પ્રાંતિજ પોલીસ સ્ટેશન વિસ્તાર માં જુગાર ની વોચ પેટ્રોલિંગ માં હતા તે દરમ્યાન પ્રાંતિજ પોલીસ ને ખાનગી રાહે બાતમી મળી કે કરોલ ગામની સીમમા અમરીશ રમેશભાઇ પટેલ ના મકાન ની પાસે આવેલ ખેતર ની ઓરડી ની બહાર ખુલ્લી જગ્યા મા કેટલાક ઈસમો ભેગા મળી પૈસા પાના વડે હારજીત નો જુગાર રમે છે જે બાતમી ને લઈ ને પ્રાંતિજ પોલીસ દ્વારા કરોલ ગામમા આવેલ સીમમાં અમરીશ રમેશભાઇ પટેલ ના મકાન ની પાસે આવેલ ખેતર ની ઓરડી ની બહાર ખુલ્લી જગ્યાએ રેઇડ કરતા પોલીસ ને જોતા જુગારીઓમા નાસભાગ મચી ગઈ હતી તો પ્રાંતિજ પોલીસ દ્વારા આઠ જુગારીઓને જુગાર ની રકમ તથા અંગજડતી રકમ સહિત કુલ-૧૩,૮૨૦ તથા ૬ નંગ-મોબાઈલ જેની કિંમત- ૩૮,૫૦૦ એક વાહન જેની કિંમત-૨,૦૦,૦૦૦ તથા ગંજીપાના સહિત કુલ-૨,૫૨,૩૨૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા.

જેમા (૧) અમરીશકુમાર રમેશભાઈ પટેલ રહે. કરોલ (૨)રોહિત કુમારકેશવલાલપ ટેલ, રહે. તાજપુર (૩) દિપકચતુરભાઈ પટેલ (૪) ચંદ્રકાંત મણિલાલ પટેલ (૫) નરેન્દ્રભાઈ પરસોતમભાઈ પટેલ (૬) અરવિંદભાઈ કેશાભાઈ પટેલ (૭) યોગેશભાઇ ઈશ્વરભાઈ પટેલ (૮) અલ્પેશભાઈ શંભુજી પરમાર ત્રણ થી આઠ તમામે-તમામ રહે. સાણોદા તા.દહેગામ, જિલ્લો-ગાંધીનગર ના ઈસમ ની પ્રાંતિજ પોલીસે અટકાયત કરી જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

શહેરમાં વિકાસ કાર્યો ખૂબ થયા છે પરંતુ તેની યોગ્ય જાળવણી થતી નથી. સેક્ટર-૨૮-૨૯ના કટ પાસે લગાવાયેલ ટ્રાફિક સિગ્નલનો થાંભલો પડી ગયો છે. ટ્રાફિક નિયમન માટે લગાવાયેલો આ થાંભલો બીન ઉપયોગી બની રહ્યો છે.

જામનગરની વિજુને બીજું જીવન મળ્યું

જામનગરની દોઢ વર્ષની બાળકી વિજુને અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે બીજું જીવન મળ્યું : સિંગચ ગામના ગરીબ પરિવારની દોઢ વર્ષની બાળકી માટે સરકારની આરબીએસકે યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ

ગાંધીનગર, તા. ૨૨

જામનગરની દોઢ વર્ષની બાળકી વિજુને અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે બીજુ જીવન મળ્યું છે. સિંગચ ગામના ગરીબ પરિવારની બાળકીના હૃદયનું ઓપરેશન રાજ્ય સરકારની રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ આરબીએસકે યોજના હેઠળ યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે નિશુલ્ક કરવામાં આવ્યું છે. ગુજરાત અને દેશના વર્ષે હજારો ભૂલકાઓની હૃદય સંબંધી બીમારી યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે દુર કરવામાં આવે છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગત વર્ષે ઓક્ટોબર માસમાં યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે બાળ હૃદયરોગની સારવાર માટે નવીનતમ સુવિધાઓનું ઉદ્ઘાટન કરતાં કહ્યું હતું કે "ગુજરાતમાં આરોગ્યોદયનો આ અવસર છે." ભારતની સૌથી મોટી કાર્ડિયોલોજી હોસ્પિટલના વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે આરોગ્યોદયનો ઉજાસ ગુજરાતના ખૂણે ખૂણે પથરાઈ રહ્યો છે અને તેમાંથી જામનગર પણ બાકાત નથી.

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નાના એવા સિંગચ ગામે રહેતા અને સામાન્ય આવક ધરાવતા નારણભાઈ પરમાર પર આભ ફાટી પડ્યું જ્યારે તેમને ખબર પડી કે તેમની દોઢ વર્ષની વ્હાલસોયી દીકરી વિજુના હૃદયમાં કાણું છે અને હૃદયની આ બીમારી એટલી ગંભીર છે કે તે માટેની વધુ સારવાર માટે વિજુને અમદાવાદ ખસેડવી પડશે.

ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા વિજુના પિતા નારણભાઈએ જણાવ્યું હતું કે 'જન્મ પછી વિજુને પેટમાં ડાબી તરફ ખાડો પડતો હતો જેની તપાસ કરાવવા અમે હોસ્પિટલ ગયા હતા. ત્યારે ત્યાં હાજર તબીબે જણાવ્યું કે વિજુના હૃદયમાં કાણું છે અને તાત્કાલિક આ અંગેની સારવાર કરાવવી જરૂરી છે. જેથી અમે વધુ સારવાર માટે ખંભાળિયા ત્યારબાદ જામનગર ખાતેની જી.જી. હોસ્પિટલમાં વિજુની આરોગ્ય તપાસણી કરાવી તેમજ ખાનગી હોસ્પિટલમાં પણ તપાસ કરાવતા ત્યાંથી જણાવાયું કે આ ઓપરેશન માટે ચાર લાખ રૂપિયાનો ખર્ચ થશે. આ સાંભળતા અમારા પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ.

અમદાવાદ રહેતા અમારા એક સંબંધીએ અમને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ સંદર્ભ કાર્ડ કઢાવવાની સલાહ આપી. આ કાર્ડના કારણે અમારે એકપણ રૂપિયાનો ખર્ચ કરવો પડ્યો નહીં અને આવવા જવાના મુસાફરીના ભાડા સાથે સરકારે અમને તદ્દન વિનામૂલ્યે આ ઓપરેશનની વ્યવસ્થા કરી આપી અમારી વિજુનો જીવ બચાવ્યો'

જામનગર આરોગ્ય વિભાગ ખાતેથી સંદર્ભ કાર્ડ કઢાવી યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરનો નારણભાઈએ સંપર્ક કર્યો. હોસ્પિટલે તરત જ વિજુને એડમીટ કરવાની તારીખ આપી. હોસ્પિટલમાં એડમીટ થતાં જ વિજુના મેડીકલ રિપોર્ટસ, નિદાન અને ઓપરેશનની પ્રક્રીયાઓ આરંભી દેવામાં આવી. બધુ જ એકદમ ઝડપી અને વ્યવસ્થિત થઈ રહ્યું. હોસ્પિટલ તરફથી તમામ સારવાર-સુવિધાઓ નિશુ:લ્ક પુરી પાડવામાં આવી. ઓપરેશનને એક મહીનો વિત્યો છે અને વીજુ હવે એકદમ સ્વસ્થ છે.

આમ બાળકીના હૃદયનુ જટીલ અને મોંઘુ ઑપરેશન રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત તદ્દન વિનામૂલ્યે કરાવી રાજ્ય સરકારે ગરીબ પરીવારની દોઢ વર્ષની બાળકીનો જીવ બચાવ્યો છે.

અત્રે ઉલ્લખનીય છે કે ગુજરાત અને દેશના વર્ષે હજારો ભૂલકાઓની હૃદય સંબંધી બીમારીઓ યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત દુર કરવામાં આવે છે.

ઈન્સ્ટિટ્યુટના માનદ્ નિયામક ડૉ. આર. કે. પટેલ જણાવે છે કે ગુજરાતના આરોગ્ય તંત્રની આ એક સિદ્ધિ છે કે આપણે ગુજરાત અને ગુજરાત બહારના નવજાત શિશુઓ અને નાના બાળકોની હૃદયની બિમારી દુર કરવા માટે સર્વોત્તમ સુવિધાયુક્ત હોસ્પિટલ આપી શક્યા છીએ.

રક્ષાબંધન એટલે સ્નેહના સરવાળા કરવાનો અને લાગણીના ગુણાકાર કરવાનો તહેવાર. આ પર્વ અંતરના ઉલ્લાસને વ્યક્ત કરતું પર્વ છે. ગાંધીનગરના સે. ૧ ખાતેના સમદર્શન આશ્રમે ગુરૂમા પૂ. સમાનંદ સરસ્વતીજીએ ભારતીય સંસ્કૃતિની વિશ્વને અનોખી તેમજ અજોડ દેન સમા આ રક્ષાબંધન પર્વને હૃદયની ઉર્મિ સાથે ઉજવ્યુ હતુ.

રોટરી કલબ ડીસા ડીવાઈન દ્વારા પરિવાર પ્રશિક્ષણ સોપાન કાર્યક્રમ યોજાયો

કોરોનાની ત્રીજી લહેર ટાળવા મહિલાઓ અને બાળકોની કાર્યશાળા પણ યોજાઈ

ડીસા, તા.૨૨

રોટરી ક્લબ ડીસા ડીવાઈન અને રાષ્ટ્ર સેવિકા સમિતિ ડીસાના ઉપક્રમે વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી સંસ્કાર મંડળ ડીસા સંચાલિત શ્રી મંગળદાસ પટેલ આદર્શ શિશુવાટિકામાં "પરિવાર પ્રશિક્ષણ સોપાન" કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંભવિત કોરોનાની ત્રીજી લહેર ની અગમચેતી તથા સાવધાની રૂપે પરિવારની કાળજી કેવી રીતે લેવી ? તે સંદર્ભે મહિલાઓ તથા બાળકો સાથેની એક કાર્યશાળા શાળામાં રાખવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બહેનો, માતા, દિકરીઓ ને વાલીઓએ હાજરી આપી હતી જેમાં મુખ્ય વક્તા તરીકે રોટરી પ્રમુખ ડો.રીટાબેન પટેલે ખૂબ જ સુંદર માર્ગદ્શન આપ્યુ હતું. સાથે રોટે.પીકીબેન દેસાઈએ કાર્યક્રમ નુ સુંદર આયોજન કરેલ.આ પ્રસંગે કાન્તાબેન અને રોટે.નટુભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતા અને સહયોગ આપ્યો હતો ઉપસ્થિત તમામ બાળકોને સંસ્કાર વિષે પ્રાધાનચાર્ય હર્ષાબેન મોઢ દ્વારા માહિતી આપવામાં આવી.

શામળાજી શિતકેન્દ્રમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

બાયડ તા.૨૨

ભિલોડા તાલુકા ના શામળાજી શીતકેન્દ્ર પર શનિવારે શામળાજી એમ.પી.ઓ , વેટરનરી વિભાગ તેમજ શીતકેન્દ્ર ના કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામા આવેલ જેમા સાબરડેરી ના એમ.પી.ઓ વિભાગ ના વડા આસી. જનરલ મેનેજર (એફ.ઓ) શ્રી ડો એમ.એન. પટેલ શ્રી એ હાજરી આપી અને સુપરવાઇઝર શ્રી ઓની મીટિંગ મા હાજર રહી દુધ મંડળી ઓ પર દુધ વધારવા તેમજ સંઘ ની વીવીધ યોજના ઓ વીશે માહિતિ આપી તેમજ સુપરવાઇઝરશ્રી ઓ નો ઉત્સાહ વધારવા બદલ આસી જનરલ મેનેજર નો ખુબ ખુબ આભાર માન્યો શામળાજી શીતકેન્દ્ર ના એમ.પી.ઓ ઇન્ચાર્જ શ્રી હેમંત પટેલ શીતકેન્દ્ર ઇન્ચાર્જ શ્રી મહેન્દ્રભાઇ પટેલ તેમજ વેટરનરી ડોક્ટર શ્રી તેમજ એમ.પી.ઓ સુપરવાઇઝર શ્રી ઓ હાજર રહેલ અને સફળ મિટિંગ કરેલ.....

શિક્ષકસજ્જતા સર્વેક્ષણ : શૈક્ષિક મહાસંઘે કર્યો કાગનો વાઘ

ગાંધીનગર, તા. ૨૨

આગામી ૨૪ ઓગસ્ટના રોજ યોજાનાર શિક્ષક સજ્જતા સર્વેક્ષણ અંગે છેલ્લા કેટલાક સમયથી શિક્ષકોમાં અને સમાજમાં ચર્ચાઓ ચાલી રહી છે. આ અંગે અમારા પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલ અભ્યાસ મુજબ આ સર્વેક્ષણ એ માત્ર, આગામી સમયમાં શિક્ષકોને કેવી તાલીમ આપવી એ નક્કી કરવાની પ્રક્રિયાનો એક ભાગ છે. રાજ્ય સરકારના અધિકારીઓ સાથેની વાતચીત અને શિક્ષણ વિભાગ દ્વારા થયેલ પરિપત્ર મુજબ શિક્ષકોની સેવાકીય બાબતો જેવી કે પગાર, ભથ્થાં, પ્રમોશન, ઈજાફો વગેરેને આ સર્વેક્ષણ સાથે કઈ લેવાદેવા નથી. આ ઉપરાંત, આ સર્વેક્ષણનાં શિક્ષકોનાં વ્યક્તિગત પરિણામો પણ જાહેર કરવાનાં નથી. તેમ છતાં કેટલાક શિક્ષકો આ સર્વેક્ષણ અંગે ભ્રમ ફેલાવી રહ્યા છે અને શિક્ષકોમાં ભય ઊભો કરી રહ્યા છે.

આ સર્વેક્ષણ અંગે સમગ્ર ઘટનાક્રમ જોઈએ તો આ બાબત છેલ્લાં ત્રણેક વર્ષથી વિચારાધીન હતી. છેલ્લે ગત ૧૮-૧૨-૨૦૨૦ ના રોજ શિક્ષણ વિભાગના અધિકારીઓ અને બંને સંગઠન (ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ)ના હોદ્દેદારો સાથે થયેલી બેઠકમાં આ સર્વેક્ષણ યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૩૧ જુલાઈ, ૨૦૨૧ ના રોજ રાજયભરના શિક્ષકોને જે તે જિલ્લા મારફત જાણ કરવામાં આવી હતી કે તારીખ ૧૧ ઓગસ્ટના રોજ યોજાનાર સર્વેક્ષણમાં તમામ શિક્ષકોએ ફરજિયાત રીતે જોડાવું. ત્યારબાદ બંને સંઘ દ્વારા રાજ્યના શિક્ષણ સચિવને આ અંગે રજૂઆત કરવામાં આવી હતી જેમાં બે માગણીઓ મુખ્ય હતી. એક એ કે આ સર્વેક્ષણને ફરજિયાત ન રાખતાં મરજિયાત રાખવું અને બીજી એ કે શિક્ષકો પોતાના વિષયો અંગે પૂરતી તૈયારી કરી શકે એ માટે સર્વેક્ષણ ૧૧ ઓગસ્ટ ને બદલે ૨૪ ઓગસ્ટે યોજવું. શિક્ષણ વિભાગે બંને માગણીઓ તરત જ ગ્રાહ્ય રાખતાં, બંને સંઘના રાજ્ય કક્ષાના હોદ્દેદારોએ શિક્ષકો જોગ વિડીયો સંદેશ આપ્યો કે આ સર્વેક્ષણ શિક્ષકોનાં પગાર-બદલી-બઢતી જેવી સેવાકીય બાબતોને અસરકર્તા નથી તેથી તમામ શિક્ષકોએ આમાં જોડાવવું જોઈએ. ત્યારબાદ આ અંગે શિક્ષકોને માર્ગદર્શન આપવા યોજાયેલી ટેલિકોન્ફરન્સમાં પણ પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી અને શૈક્ષિક મહાસંઘના પ્રમુખ દ્વારા રાજયભરના શિક્ષકોને અપીલ કરવામાં આવી હતી કે આપણી માગણી મુજબ સરકારે આ સર્વેક્ષણ મરજિયાત કર્યું છે તેમ છતાં આપણે સૌ આ સર્વેક્ષણમાં જોડાઈએ.

આમ તો આ મુદ્દો અહી પૂરો થવો જોઈતો હતો. પરંતુ, ત્યારબાદ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના આગેવાનો પોતાની વાતમાથી ફરી ગયા અને ફરીથી વિરોધ શરૂ કર્યો. સરકારે ફરીથી બંને સંઘના હોદ્દેદારો સાથે બેઠક કરી. સંઘના પ્રતિનિધિઓએ માગણી કરી કે આ સર્વેક્ષણનું માળખું કેવું હશે તે અંગે શિક્ષકોને ફરીથી બાયસેગ મારફત તાલીમ આપવામાં આવે. આ વિનંતી ગ્રાહ્ય રાખીને શિક્ષકોને ફરીથી માળખું સમજાવવા તાલીમ આપવામાં આવી. જેમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને મંત્રી હાજર રહ્યા પરંતુ કોઈ અકળ કારણોસર શૈક્ષિક મહાસંઘના કોઈ હોદ્દેદાર હાજર ન રહ્યા. શૈક્ષિક મહાસંઘના નેતાઓ સરકાર સમક્ષ એક વાત કરતા રહ્યા અને પડદા પાછળ બીજી રમત કરતા રહ્યા. દરમિયાનમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના એક રાષ્ટ્રીય આગેવાન પણ શિક્ષણ સચિવ સાથે મુલાકાત કરી ગયા. આ મુલાકાત દરમિયાન એવું સાબિત થતું હતું કે રાજ્યનાં શૈક્ષિક મહાસંઘના પ્રાથમિક વિભાગના નેતૃત્વએ એમના કેન્દ્રીય નેતૃત્વને પણ આ સર્વેક્ષણ અંગે ખોટી અને ગેરમાર્ગે દોરતી માહિતી આપી છે! આમ, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના આગેવાનોએ આ સર્વેક્ષણને પોતાની વ્યક્તિગત પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવી દીધો અને સમગ્ર સમાજમાં શિક્ષકોની પ્રતિષ્ઠાને નુકસાન થાય એ રીતે વિરોધ શરૂ કરી દીધો.

અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં પણ આ પ્રકારના સર્વેક્ષણ, શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વગેરેનો ઉલ્લેખ છે પરંતુ ગુજરાત સરકાર દ્વારા યોજાઈ રહેલ આ સર્વેક્ષણ દ્રઈ ૨૦૨૦ પહેલાંનું આયોજન છે એટલે આ સર્વેક્ષણને દ્રઈ ૨૦૨૦ સાથે ન જોડવું જોઈએ. એક આશ્ચર્ય એ વાતનું છે કે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ એ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(ઈજીજી)ની જ એક શાખા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ને ઈજીજી અને શૈક્ષિક મહાસંઘ દ્વારા ભવ્ય આવકાર પણ આપવામાં આવ્યો હતો, તેમ છતાં હવે આ જ શૈક્ષિક સંઘ એનો વિરોધ કરે છે.

શિક્ષકોનાં સંગઠનનું મુખ્ય કામ શિક્ષકોની સેવાકીય બાબતો અને હક માટે લડવાનું છે. રાજ્યના હજારો શિક્ષકોને પોતાની સેવાકીય બાબતો જેવી કે ઉચ્ચતર પગારધોરણ, પેન્શન, સેવા જોડાણ જેવી અનેક સમસ્યાઓ છે. શિક્ષકોને સોંપવામાં આવતી બિન શૈક્ષણિક કામગીરી પણ એક બહુ જ મોટી સમસ્યા છે. પરંતુ શૈક્ષિક મહાસંઘ દ્વારા કદી પણ એ મુદ્દાઓ માટે આવો ઉગ્ર વિરોધ નથી કર્યો. જ્યારે શિક્ષકોને તાલીમ આપવા જેવી બાબત કે જે સીધી બાળકોના શિક્ષણને સ્પર્શે છે એ બાબતે આવો ઉગ્ર વિરોધ કરવો એ શૈક્ષિક મહાસંઘના આગેવાનોની નેતૃત્વની ગુણવત્તા પર અને નિયત પર મોટો પ્રશ્નાર્થ ઊભો કરે છે.

કભી ખુશી કભી ગમ જેવો ચાલતો કોરોનાકાળ લગભગ આ વર્ષે પૂરો થતા યેનબધો બલીરામ દાનવેન્દ્રો મહાબલ દ્વારા પુરાળકાળથી ચાલતો આવતો ભાઈ-બહેનના પવિત્ર તહવાર આ વર્ષે બે વર્ષના દુ:ખ સહન કર્યા પછી ગાંધીનગરના રહેવાસીઓ અને ભાઈઓએ બહેનોના આશીરવાદનું કવચ મેળવી સુંદરતાથી ઉજવ્યો એવું કહી શકાય.

ગાંધીનગર-અમદાવાદ સહિત રાજ્યમાં ઝરમર વરસાદ

ગાંધીનગર,તા.૨૨

હવામાન વિભાગની આગાહી પ્રમાણે રક્ષાબંધનના તહેવાર પર સવારથી વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ ધીમી ધારે અમદાવાદના વિસ્તારોમાં વરસાદ શરુ થયો છે. આ તરફ ગાંધીનગ અને રાજ્યના અન્ય ભાગોમાં પણ વરસાદ થઈ રહ્યો છે. અમદાવાદમાં આશ્રમરોડ અને પશ્ચિમ અમદાવાદના કેટલાક વિસ્તારો તથા વાડજ, નવરંગપુરા, પાલડીમાં વરસાદ થઈ રહ્યો છે. ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનના તહેવારના દિવસે વરસાદ થતા શહેરીજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. આ તરફ ગાંધીનગર અને આસપાસના ભાગોમાં હળવો વરસાદ વરસી રહ્યો છે. આજના દિવસની વાત કરીએ તો રાજ્યના ૧૧૨ તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે, જેમાં સવારે ૮ વાગ્યા સુધીમાં ૧૬ તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. નર્મદાના સાગરબારામાં સવારના ૬થી ૮ દરમિયાન અડધો ઈંચ વરસાદ વરસ્યો છે.

નાસભાગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદ અફઘાનિસ્તાનની રાજધાનીમાં ખરાબ થઈ રહેલી સ્થિતિ વચ્ચે ભારતીય વાયુસેનાના ઝ-૧૭ ગ્લોબમાસ્ટરે કાબુલથી ૧૦૭ ભારતીયો સહિત ૧૬૮ લોકોને રવિવારે ત્યાંથી બહાર કાઢી ગાઝિયાબાદ પહોંચાડ્યા છે.

ભારત પહોંચ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંચાલન અને નિયંત્રણની જવાબદારી અમેરિકી અને ઉત્તરી એટલાન્ટિક સંધિ સંગઠન (નાટો) દળોને આપવામાં આવી છે. તેના દ્વારા કુલ ૨૫ ઉડાનો સંચાલિત કરવામાં આવી રહી છે, કારણ કે તે વર્તમાનમાં પોતાના નાગરિકો, હથિયારો અને ઉપકરણોને કાઢવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યાં છે. મહત્વનું છે કે અફઘાનિસ્તાન પર ૨૦ વર્ષ બાદ એકવાર ફરી તાલિબાનનો કબજો થઈ ગયો છે. તેણે દેશના રાષ્ટ્રપતિ ભવન પર કબજો કરી લીધો છે. રાષ્ટ્રપતિ અશરફ ગનીએ તાલિબાનને સત્તા સોંપી દીધી છે. સૂત્રો પ્રમાણે નવી અંતરિમ સરકારના અંતરિમ પ્રમુખના રૂપમાં અલી અહમદ જલાલીનું નામ સૌથી આગળ ચાલી રહ્યું છે. રાષ્ટ્રપતિ ગની દેશ છોડી યૂએઈ પહોંચી ગયા છે. અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ ત્યાંની સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે. તેવામાં ભારત સરકારે અફઘાનિસ્તાનથી પોતાના પોતાના નાગરિકોને કાઢવા માટે અભિયાન તેજ કરી દીધુ છે. અફઘાનિસ્તાનમાં ફસાયેલા ૮૭ ભારતીયોને સ્વદેશ વાપસી થઈ છે. આ બધા ૮૭ લોકોને એર ઈન્ડિયાના વિમાનથી દિલ્હી લાવવામાં આવ્યા છે.

ભીડ જામી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનોખી રોનક જોવા મળી રહી છે. એકબાજુ કોરોનાનો કહેર પણ ઘટી ગયો છે. ત્યારે શહેરીજનો પુજા ભકિતની સાથે રાહત અનુભવી રહ્યા છે. નગરના શોપિંગ બજારમાં પણ તહેવારના દિવસો નજીક આવતા રોનક જોવા મળી રહી છે.